# મેન્યુઅલ્સ – ૧ ( નિયમ સંગ્રહ - ૧)

## કલમ – ૪ (૧) (ખ) (૧)

## સંસ્થાની વિગતો, કાર્યો અને ફરજો

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સ્થાપના કંપની ધારા, ૧૯૫૬ અન્વયે તા.૨૨.૧૨.૨૦૦૪ ના રોજ કરવામાં આવી છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પૂર્વ ગુજરાત વિદ્યુત બોર્ડ ના પુનર્ગઠનના ભાગરૂપે અસ્તિત્વમાં આવેલ છે, અને છ (૬) પેટા કંપનીઓની હોલ્ડીગ કંપની તરીકે કાર્યરત છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ઊર્જા ખરીદી, ફાળવણી, આયાત,વેચાણ, નિકાસ અને ઊર્જાની તમામ પ્રકરે વિનિયમ કરવો તે રહેલો છે, જેમાં પરંપરાગત અને બીન પરંપરાગત ઊર્જાનો પણ સમાવેશ થાય થાય છે. તદ્દુપરાંત છ (૬) પેટા કંપનીઓ સાથેનું સંકલન તથા ઉપરોક્ત કામગીરીનું અન્ય સંસ્થાઓ સાથે રહીને સંકલન કરવું તેમજ તેને લગતી કામગીરી ભારત તેમજ વિદેશોમાં પણ કરવી. વીજ ઉત્પાદન કંપનીઓ કેપ્ટીવ પાવર પ્લાન્ટ, ઈલેક્ટ્રીસિટી યુટીલીટી અન્ય સરાકારો, અન્ય સંસ્થાઓ, ટ્રેડીંગ એજન્સીઓ, લાયસન્સીઓ વિગેરે પાસેથી ઉર્જા મેળવવી અથવા ઉર્જાની ખરીદી કરવી (જેમાં અન્ય રાજ્યોમાંથી પણ ઊર્જાની આયાત/ નિકાસનો સમાવેશ થાય છે.) તેમજ તેનું વેચાણ કરવુ, વ્યાપાર કરવો, નિકાસ કરવી તેનો પણ સમાવેશ થાય છે. આ વેચાણ, ઈલેક્ટ્રીસિટી યુટીલીટી, લાયસન્સી, સરકાર અને અન્ય એજન્સીઓ તેમજ સંસ્થાને કરવું.

આ ઉપરાંત વિશ્વસનીય વીજ વ્યાપારની સીસ્ટમનું આયોજન કરવું, ઉત્તેજન આપવું, વિકાસ કરવો અને વીજ વિનિયમની સીસ્ટમને અમલમાં મૂકવી તે સંસ્થાનો ઉદ્દેશ છે.